ગુજરાત ભાજપ સંગઠનમાં મોટા ફેરફાર: સાત મોરચાઓના પ્રદેશ પ્રભારીઓની નિમણૂક કરાઈ

# શબ્દશરણ બ્રહ્મભટ્ટને મહિલા મોરચા અને રસિકલાલ પ્રજાપતિને લઘુમતી મોરચાના પ્રભારી બનાવાયા

**નિમણૂકોથી** વડોદરા ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનને વધુ મજબૂત અને ગતિશીલ બનાવવાના હેતુથી પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા મહત્વપૂર્ણ સંગઠનાત્મક નિર્ણયો લેવામાં આવ્યા છે. પક્ષના વિવિધ સાત મોરચાઓમાં પ્રદેશ પ્રભારીઓની નિમણૂક કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે, જે અંતર્ગત તમામ નવનિયુક્ત હોદ્દેદારોને તત્કાલ અસરથી તેમની જવાબદારી સંભાળી લેવા સૂચના અપાઈ છે. સંગઠનને તળિયાના સ્તર સુધી વધુ



કાર્યક્ષમ બનાવવા અને વિવિધ વર્ગો વચ્ચે પક્ષની પકડ મજબૂત કરવાના આશયથી આ ફેરફાર કરવામાં આવ્યા હોવાનું જણાય છે.

આ નિમણૂકોમાં વડોદરા શહેર અને જિલ્લાના નેતૃત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વડોદરા શહેરના શબ્દશરણ બ્રહ્મભટ્ટને પ્રદેશ મહિલા મોરચાના પ્રભારી તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. તેવી જ રીતે, વડોદરા જિલ્લાના રસિકલાલ પ્રજાપતિને પ્રદેશ લઘુમતી મોરચાના પ્રભારી પદે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂકોથી વડોદરા ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

અન્ય પ્રભારીઓની વિગતો જોતા, જુનાગઢ જિલ્લાના કિશોરભાઈ પટેલને યુવા મોરચાના પ્રદેશ પ્રભારીની કમાન સોંપાઈ છે. પાટણના નરેન્દ્ર ઠાકોરને ઓબીસી મોરચાના પ્રભારી તરીકે કાર્યભાર સોંપવામાં આવ્યો છે. સાબરકાંઠા જિલ્લાના વિજયભાઈ પટેલને એસ.ટી. મોરચાના પ્રભારી બનાવવામાં આવ્યા છે, જ્યારે ઉદયપુરના ગીતાબેન ચાવડાને એસ.સી. મોરચાના પ્રદેશ પ્રભારી તરીકેની જવાબદારી સોંપાઈ છે. આ ઉપરાંત, અમદાવાદ જિલ્લાના અનુભવી નેતા ભરતભાઈ પંડ્યાને પ્રદેશ કિસાન મોરચાના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

પાર્ટી સંગઠનને આગામી ૫ ડકારો માટે સજ્જ કરવાના હે તુથી લેવાયેલા આ નિર્ણયને ૫ ક્ષના વરિષ્ઠ આગેવાનો અને કાર્યકરોએ આવકાર્યો છે. નવનિયુક્ત પ્રભારીઓ પક્ષની વિચારધારા અને સરકારની કામગીરીને જન-જન સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. આ જાહેરાત બાદ રાજ્યભરમાંથી પક્ષના કાર્યકરો દ્વારા નવા નિમણૂક પામેલા પ્રભારીઓને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

## વડોદરા અને ડાકોર (વાયા આણંદ) વચ્ચે પૂનમ સ્પેશિયલ ટ્રેન

(પ્રતિનિધિ) વડોદરા તા.2

હોળી અને પૂનમ તહેવારોને ધ્યાનમાં રાખીને યાત્રીઓની ભીડ અને અસુવિધાઓને ઓછી કરવા માટે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા 03 માર્ચ અને 04 માર્ચ 2026 ના રોજ વડોદરા અને ડાકોર વચ્ચે પૂનમ સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવી રહી છે.

ટ્રેન નં. 09149 વડોદરા-ડાકોર પૂનમ સ્પેશિયલ ટ્રેન વડોદરાથી સવારે 10:40 કલાકે પ્રસ્થાન કરીને બપોરે 12:05 કલાકે ડાકોર પહોંચશે. પરતમાં ટ્રેન નં. 09150 ડાકોર-વડોદરા પૂનમ સ્પેશિયલ ડાકોરથી બપોરે 15:50 કલાકે પ્રસ્થાન કરીને સાંજે 17:10 કલાકે વડોદરા પહોંચશે.

આ ટ્રેન બને દિશાઓમાં આણંદ અને ઉમરેઠ સ્ટેશનો પર રોકાશે.

યાત્રી આ ટ્રેનના સંચાલન સમય, રોકાણ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે માટે વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# WICASA બરોડા શાખાની 2026-27 માટે મેનેજિંગ કમિટીની નિમણૂક કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વેસ્ટર્ન ઈન્ડિયા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સ્ટુડન્ટ્સ એસોસિએશનની બરોડા શાખા 2026-27 ના કાર્યકાળ માટે તેની મેનેજિંગ કમિટીની નિમણૂક કરવામાં આવી છે. વિદ્યાર્થી સમુદાયની સેવા કરવા માટે સૌથી સક્ષમ અને પ્રતિબદ્ધ ઉમેદવારોને ઓળખવા માટે રચાયેલ માળખાગત ઈન્ટરવ્યુ-આધારિત પસંદગી પ્રક્રિયાને અનુસરીને આ સમિતિની રચના કરવામાં આવી હતી.

નવી નિયુક્ત મેનેજિંગ કમિટીમાં સીએ જિગર શાહ - અધ્યક્ષ, સીએ જય શાહ - નામાંકિત સભ્ય, દેવાંશ ઠાકર- ઉપાધ્યક્ષ, વિનીતા સેઠિયા - સચિવ, ઉર્વી આચાર્ય સંયુક્ત સચિવ અને સંપાદકીય વડા, શાશ્વત પાટિલ - ખજાનચી, ધાર્મિક પાટડિયા પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, પૂર્વા પાબારી - સ્ટડી સર્કલ કન્વીનર, યશ ઝીંઝુવાડિયા - ટેકનિકલ અને નોંધણી વડા, મહાક



બડજાત્યા સામાજિક અને રમતગમત વડા, હાર્દ શાહ સહ-અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ વડાનો સમાવેશ થાય છે.

નવી રચાયેલી સમિતિએ 2026-27ના કાર્યકાળને વિદ્યાર્થીઓની સંલગ્નતા માટે એક સીમાચિહ્નરૂપ વર્ષ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સમગ્ર વર્ષ દરમિયાન,ડબ્લ્યુઆઈસીએએસએ બરોડા સમિતિ માત્ર સીએ વિદ્યાર્થીઓ જ નહીં. પરંતુ, અન્ય ક્ષેત્રોના વિદ્યાર્થીઓને પણ લાભદાયક કાર્યક્રમો અને સેમિનારોની વિશાળ શ્રેણીનું આયોજન અને સંચાલન કરવા માટે સમર્પિત રહેશે, સાથે સાથે ચેરિટી અને દાન અભિયાન જેવા સામાજિક હેતુ માટે કાર્યક્રમો હાથ ધરીને સમાજને પાછું આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ટેકનિકલ વર્કશોપ અને મોક પરીક્ષાઓથી લઈને સાંસ્કૃતિક કાર્યક્રમો અને રમતગમતની પ્રવૃત્તિઓ સુધી, યોગથી ધ્યાન સુધી, રમતગમતથી શિક્ષણ સુધી - સમિતિનો ઉદ્દેશ્ય એક સર્વાંગી અનુભવ પ્રદાન કરવાનો છે જે શૈક્ષણિક ક્ષેત્રથી આગળ વધે છે અને વિદ્યાર્થીઓને વ્યાવસાયિક જીવનના પડકારો માટે તૈયાર કરે છે.

# યુટીટી કોર્પોરેટ્સ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ સફળતાપૂર્વક સંપન્ન



(પ્રતિનિધિ) વડોદરા તા.2

ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (TTAB) દ્વારા 28 ફેબ્રુઆરી અને 1 માર્ચ 2026 દરમિયાન TTAB-MSU ટેબલ ટેનિસ સેન્ટર, વડોદરા ખાતે યુટીટી કોર્પોરેટ્સ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2025-26નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય ચેમ્પિયનશિપ દ્વારા કોર્પોરેટ ક્ષેત્રમાં સ્પર્ધાત્મક રમત સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો TTABનો ઉદ્દેશ વધુ મજબૂત બન્યો છે.

ચેમ્પિયનશિપમાં શહેરની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી 11 પુરુષ ટીમો સહિત કુલ આશરે 60 ખેલાડીઓએ ટીમ, સિંગલ્સ, ડબલ્સ અને મિક્સ્ડ ડબલ્સ ઈવેન્ટ્સમાં ભાગ લીધો હતો. સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન ઊંચા સ્તરની સ્પર્ધા, કૌશલ્ય અને ખેલદિલી જોવા મળી.

પુરુષોની ટીમ ચેમ્પિયનશિપ ફાઈનલમાં TTAB સ્મેશર્સે T સ્ક્વેરને 3-1થી હરાવી ખિતાબ જીત્યો, જ્યારે બ્રોન્ઝ મેડલ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, વડોદરાએ મેળવ્યો. મેન્સ સિંગલ્સમાં દીપક ડિમરી અને મહિલા સિંગલ્સમાં શીતલ શાહ વિજેતા રહ્યા.

ઈનામ વિતરણ સમારોહમાં સાંસદ ડો. હેમાંગ જોશી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. TTABએ ટાઈટલ સ્પોન્સર યુટીટીના મહત્વપૂર્ણ સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો.

પહેલનો હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારધારા, જિજ્ઞાસા અને નવીનતા પ્રત્યે રસ વિકસાવવાનો

# બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા રાઘવપુરા શાળા ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

વડોદરા, તા.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના અવસરે બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા રાઘવપુરા પ્રાથમિક શાળા, વડોદરા ખાતે રસપ્રદ અને જ્ઞાનવર્ધક વિજ્ઞાન ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પહેલનો હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારધારા, જિજ્ઞાસા અને નવીનતા પ્રત્યે રસ વિકસાવવાનો હતો.

વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પોતાના જ્ઞાન, તર્કશક્તિ અને ટીમવર્કનું ઉત્તમ પ્રદર્શન કર્યું. ક્વિઝ માત્ર પાઠ્યપુસ્તક આધારિત જ્ઞાન પૂરતું નહોતું, પરંતુ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક વિચારશક્તિ અને વિજ્ઞાન પ્રત્યે ઊંડો રસ જગાડવાનો પ્રયાસ હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સન્માનપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સાથે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સક્રિય ભાગીદારી બદલ પ્રશંસા કરવામાં આવી. આ પ્રવૃત્તિઓ દ્વારા બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન યુવા પેઢીમાં જ્ઞાન, જિજ્ઞાસા અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવાના પ્રયત્નો આગળ વધારી રહ્યું છે. "વિજ્ઞાન માત્ર વિષય નથી, પરંતુ વિચારવાની એક રીત છે, જે ભવિષ્યને વધુ ઉજ્જવળ બનાવે છે."



## મહિલા દિનની ઉજવણી નિમિતે એમએસયુ દ્વારા રીલ મેકિંગ સ્પર્ધા

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરાના મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કોમ્યુનિકેશનના વિસ્તરણ અને સંદેશાવ્યવહાર વિભાગ, હોમ સાયન્સ એક્સટેન્શન એન્ડ કોમ્યુનિકેશન એલ્યુમની એસોસિએશનના સહયોગથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગ રૂપે રીલ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના વિદ્યાર્થીઓ માટે ખાસ ખુલ્લી આ સ્પર્ધા યુવા સર્જકોને તેમના દ્રષ્ટિકોણ વ્યક્ત કરવા, સ્ત્રીત્વની ભાવનાની ઉજવણી કરવા અને ટૂંકા સ્વરૂપની ડિજિટલ સામગ્રી દ્વારા શક્તિશાળી વાર્તાઓ શેર કરવા તક આપવામાં આવી છે. તે મહિલા દિવસના સારને માન આપતા સર્જનાત્મકતાને અર્થપૂર્ણ સંદેશાવ્યવહાર સાથે મિશ્રિત કરવા માટે એક પ્લેટફોર્મ પ્રદાન કરે છે. સહભાગીઓ 15 માર્ચ, 2026 સુધી તેમની એન્ટ્રીઓ સબમિટ કરવા જણાવાયું છે.

# સ્ટર્લિંગ હોસ્પિટલ્સે Nursicon 2.0થી એમ્પ્લોયર બ્રાન્ડ લીડરશીપ મજબૂત કરી



(પ્રતિનિધિ) વડોદરા તા.2

સ્ટર્લિંગ હોસ્પિટલ્સે હેલ્થકેર ક્ષેત્રમાં અગ્રણી એમ્પ્લોયર તરીકે પોતાની ઓળખને વધુ મજબૂત બનાવી છે. વડોદરાના રેસકોર્સ રોડ યુનિટ ખાતે યોજાયેલા Nursicon 2.0ના સફળ આયોજનથી સંસ્થાની એમ્પ્લોયર બ્રાન્ડ લીડરશીપને નવી ઊંચાઈ મળી છે. આ કાર્યક્રમમાં દેશભરના નર્સિંગ લીડર્સ અને સેકડો નર્સિંગ પ્રોફેશનલ્સે ભાગ લીધો હતો.

Nursicon 2.0નો મુખ્ય ઉદ્દેશ અગ્રણી આરોગ્ય સંસ્થાઓ વચ્ચે જ્ઞાનની આપ-લે વધારવાનો અને નર્સિંગ ક્ષેત્રમાં ક્લિનિકલ એજ્યુકેશન તથા પ્રોફેશનલ એક્સિલન્સને પ્રોત્સાહન આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન ફ્યુચર-રેડી નર્સિંગ ક્ષમતાઓ, પેશન્ટ સેન્ટ્રિક કેર, એમ્પથી અને ઈનોવેશન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો.

સ્ટર્લિંગ હોસ્પિટલ્સના MD | CEO સંતોષ મરાઠેએ જણાવ્યું હતું કે, Nursicon 2.0 સંસ્થાની એક્સિલન્સ પ્રત્યેની સંયુક્ત પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે, જેનાથી દર્દી પરિણામોમાં સતત સુધારો શક્ય બને છે. CHRO કપિલ ગુપ્તાએ નર્સિંગને દીર્ઘકાલીન અને ગતિશીલ કારકિર્દી બનાવવા માટે સ્પેશિયલાઈઝ્ડ કરિયર ટ્રેક, ઈન્ટિગ્રેટેડ લર્નિંગ ઈકોસિસ્ટમ અને રિટેન્શન પર આધારિત વ્યૂહરચના રજૂ કરી. સ્ટર્લિંગ હોસ્પિટલ્સ Nursicon 2.0 જેવી પહેલો દ્વારા ગુજરાતમાં નર્સિંગ એક્સિલન્સના નવા ધોરણો સ્થાપિત કરી રહી છે.

વાસદ, સુરત અને અમદાવાદમાં આધ્યાત્મિક ઉત્સાહ અને આનંદની અનુભૂતિ

# શ્રી શ્રી રવિશંકરે વરિષ્ઠ સંતો સાથે મુલાકાત કરી 5 હજારથીવધુ ભક્તો સાથે સંવાદ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વૈશ્વિક માનવતાવાદી અને આધ્યાત્મિક ગુરુ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના તાજેતરના ગુજરાત પ્રવાસ દરમિયાન વાસદ, સુરત અને અમદાવાદમાં હજારો ભક્તો, સાધકો અને યુવાનો ઉમટી પડ્યા હતા. ગુરુદેવે વાસદ સ્થિત આર્ટ ઓફ લિવિંગ આશ્રમમાં સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંતો સાથે સ્નેહસભર મુલાકાત કરી તેમજ સૈંકડો યુવાનો અને ૫,૦૦૦થી વધુ ભક્તો સાથે સંવાદ સાધ્યો.



આ કાર્યક્રમમાં અમેરિકા, આર્જેન્ટિના, બ્રાઝિલ અને મેક્સિકોથી આવેલા આંતરરાષ્ટ્રીય સાધકોની હાજરીએ ગુરુદેવના ઉપદેશોની વૈશ્વિક અસર દર્શાવી. ત્યારબાદ સુરત અને અમદાવાદમાં યોજાયેલા વિશેષ કાર્યક્રમ *"Soaking in Bliss"*માં ૧૨,૦૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. સત્સંગ દરમિયાન ગુરુદેવે જીવનમાં જવાબદારીને હળવાશથી વહન કરવાની પ્રેરણા આપી અને મધ્યમ માર્ગ અપનાવવાની સલાહ આપી. તેમણે હાસ્ય, આશ્ચર્યભાવ અને વિવિધતાની સુંદરતા પર ભાર મૂકતાં કહ્યું કે જીવનને બાળક જેવી તાજગીથી જોવામાં દિવ્યતાનો અનુભવ થાય છે.

ગુરુદેવનો આ પ્રવાસ શાંતિ, પ્રેમ, એકતા અને આધ્યાત્મિક પ્રેરણાનો યાદગાર અનુભવ બની રહ્યો.

હોળી-ધૂળેટીના પર્વ પૂર્વે આરોગ્ય વિભાગ એક્શનમાં

# ધાણી-ખજૂર અને પતાસાના વેચાણ સ્થળોએ સઘન ચેકિંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

આગામી હોળી અને ધૂળેટીના તહેવારોને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય પદાર્થોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. તહેવાર દરમિયાન મોટા પાયે વેચાતી ધાણી, ચણા, ખજૂર અને પતાસા જેવી ચીજવસ્તુઓની ગુણવત્તા જળવાઈ રહે તે હેતુથી પાલિકાની અલગ-અલગ ટીમો દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર, છેલ્લા એક સપ્તાહથી શહેરમાં ધાણી-ચણા અને ખજૂરના વેચાણ અંગે સ્પેશિયલ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. આ તપાસ દરમિયાન ખાસ કરીને ઘઉંની સેવ, ખારડા, ચણા, ખારીસિંગ અને ધાણીના નમૂના લેવામાં આવ્યા છે. આ તમામ સેમ્પલ્સને પૃથક્કરણ માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. તપાસ દરમિયાન અનેક સ્થળોએ ખજૂર અને અન્ય ખાદ્ય સામગ્રી ખુલ્લામાં વેચાતી જોવા મળી હતી. આરોગ્યની ટીમે આવા



વેપારીઓને તાકીદ કરી છે કે ખોરાકને ઢાંકીને જ વેચવો. જો સૂચનાનું પાલન નહીં કરવામાં આવે તો તાત્કાલિક ધોરણે ધંધો બંધ કરાવવાની ચેતવણી પણ આપવામાં આવી છે. આરોગ્ય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે લેબોરેટરી રિપોર્ટમાં જો કોઈ પણ ખાદ્ય પદાર્થ 'સબ-સ્ટાન્ડર્ડ' અથવા 'અનસેફ' માલૂમ પડશે, તો સંબંધિત પેઢી કે વેપારી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે તેમના લાયસન્સ પણ રદ કરવામાં આવશે. પાલિકાની આ આકસ્મિક તપાસને પગલે ભેળસેળિયા અને બિનઆરોગ્યપ્રદ વસ્તુઓ વેચતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# વડોદરા ખાતે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી થશે કે નહીં તે અંગે પ્રશ્નાર્થ?

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

બરોડા બાર એસોસિએશન દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, આપની ઓફિસમાંથી પુરુષોત્તમભાઈ પરમાર નાઓએ ચૂંટણીલક્ષી સામગ્રી તથા રૂપિયા 7,300 નું કવર આપવામાં આવ્યું. પરંતુ, આ રકમમાં વડોદરા વકીલ મંડળની ચૂંટણી કરી શકીએ તેમ નથી. કારણ કે, કુલ 4700 મતદારો છે. જેની વ્યવસ્થા રૂપે પાંચ ટેબલ મુકવા માટે જરૂર પડે તથા દરેક ટેબલ ઉપર ત્રણ ત્રણ વ્યક્તિને બેસાડવા પડે અને તેઓ સવારથી રાત્રે સુધી રોકાય તો તેમનું ખાવા પીવાની વ્યવસ્થા કરવી પડે, તે કારણસર આ રકમમાં ચૂંટણી કરી શકીએ તેમ નથી, તેમજ તમે આપેલી સામગ્રી હાલ અમારી પાસે છે. જે તમારે 3 માર્ચ સુધી પરત મેળવી લેવી. આ પત્ર લખવા પાછળનું મુખ્ય કારણ એ છે કે, તમો બીજી ચૂંટણી આ મહિને કરી શકો તથા પટાવાળાની નિમણૂક કરી શકો અને 6 માર્ચના રોજ શાંતિપૂર્વક ઈલેક્શન કરી શકો અને તમોને કોઈ અગવડતા ન પડે તે હેતુથી આ પત્ર લખવામાં આવ્યો છે. જો અમારે ઈલેક્શન કરવું હોય તો કુલ પાંચ બુથ તેમજ સીસીટીવી સવારનો ચા નાસ્તો બપોરે જમવાનું સાંજે હળવો નાસ્તો કરીએ તે તથા સફાઈ ખર્ચ ફરાસખાનું અને બુથ ઉભા કરવા માણસો લાવવા આમ ટોટલ 1,50,000 જેટલો સામાન્ય ખર્ચ થાય છે. જેથી તમોએ આપેલ રકમ 7,300 માં અમો ઈલેક્શન કરી શકીએ તેમ નથી તેમ જણાવાયું છે.


IKF Home Finance

**આઈકેએફ હોમ ફાયનાન્સ લિમિટેડ**

ઇક્વિનોક્સ બાય ફિનિક્સ-ટાવર ૩, ૧૦મો માળ, ડાયમંડ હિલ્સ, લુમ્બિની એવન્યુ, રાય દુર્ગ, ગાચીબોવલી, હૈદરાબાદ તેલંગાણા - ૫૦૦૦૮૧

**ડિમાન્ડ નોટિસ**

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ("ધ એક્ટ") અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ("ધ રૂલ્સ") ની જોગવાઈઓ હેઠળ.

અધસ્તાક્ષરી, જે આઈકેએફ હોમ ફાયનાન્સ લિમિટેડ (સુરક્ષિત લેણદાર) ના અધિકૃત અધિકારી છે, તેઓ એક્ટની કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને રૂલ ૩ સાથે વાંચતા એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચે દર્શાવેલ ઉધાર લેનાર(ઓ)ને નોટિસ મળ્યાના ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ(ઓ) જારી કરે છે. અધસ્તાક્ષરીને વાજબી રીતે વિશ્વાસ છે કે ઉધાર લેનાર(ઓ) ડિમાન્ડ નોટિસ(ઓ)ની બજવણી ટાળી રહ્યા છે, તેથી નિયમો મુજબ ચોંટાડીને અને પ્રકાશિત કરીને નોટિસની બજવણી કરવામાં આવી રહી છે. ડિમાન્ડ નોટિસ(ઓ)ની સામગ્રી નીચે મુજબ છે:

| ક્રમ નં. | ઉધાર લેનાર/સહ-ઉધાર લેનારનું નામ અને સરનામું | લોન રકમ | ડિમાન્ડ નોટિસની તારીખ અને બાકી રકમ | મિલકતનું વર્ણન |
|---|---|---|---|---|
| 1. | લોન ખાતા નં.: LNCLB01021-220003696 ૧. શ્રી/શ્રીમતી ઉગમસિંહ રામજીભાઈ રબારી ૨. શ્રી/શ્રીમતી રીતાબેન રબારી ઉગમસિંહ સરનામું (૧ અને ૨ માટે): આકર્ષ ૧ ટાવર બી, નારાયણ ગાર્ડન પાસે, વિશ્રાંતિ એસ્ટેટ, ગોત્રી લક્ષ્મીપુરા રોડ, વડોદરા, ગુજરાત, ભારત - ૩૯૦૦૨૧. (૧ માટે પણ): અન્વેષા એન્જિનિયરિંગ એન્ડ પ્રોજેક્ટ્સ, ૨જો માળ, અન્વેષા હાઉસ, સિગ્નેટ સ્ક્વેર એ ટાવર, વુડા રોડ, ગુજરાત, ગંગોત્રી એપાર્ટમેન્ટ સામે, ૩૯૦૦૨૧. (૧ અને ૨ માટે પણ): ડૉ. હીના વી. બોરિચા, કેર ટેકર, બી-૯૦૨ કલ્પ ડિઝાયર, નારાયણ ગાર્ડન પાસે, લક્ષ્મીપુરા રોડ, વડોદરા - ૩૯૦૦૨૭. (૧ અને ૨ માટે પણ): તા- પાદરા, જિ. વડોદરા, ૬/૯૭/૧, પાણીની ટાંકી પાસે, મુ. માસર - ૩૯૧૪૨૧. | Rs. 5,00,000/- | 20.02.2026 Rs. 5,59,409/- (અંકે પાંચ લાખ ઓગણસાઠ હજાર ચારસો નવ પૂરા) ૧૬.૦૨.૨૦૨૬ મુજબ | મિલકતના તે બધા ટુકડા અને પાર્સલ, મોજે માસર, વડોદરા સ્થિત બિન-ખેતીલાયક જમીનના પ્લોટ, મિલકત નં. ૬/૯૭/૧, માપ ૬૨.૭૩ ચો.મી. એટલે કે ૬૭૫ ચો.ફૂટ. સબ-ડિસ્ટ્રિક્ટ પાદરા અને જિલ્લો વડોદરા. સીમાઓ: પૂર્વમાં: રોડ, પશ્ચિમમાં: રોડ, ઉત્તરમાં: રબારી લાલજીભાઈ માશરૂભાઈનું ઘર, દક્ષિણમાં: ઈકબાલભાઈ નૂરભાઈનું ઘર. |
| 2. | લોન ખાતા નં.: LNCLB01022-230004347 ૧. શ્રી/શ્રીમતી કિરણકુમાર અરવિંદસિંહ પરમાર ૨. શ્રી/શ્રીમતી જયેશકુમાર અરવિંદભાઈ પરમાર ૩. શ્રી/શ્રીમતી અરવિંદભાઈ ધુળાભાઈ પરમાર ૪. શ્રી/શ્રીમતી સોભનાબેન કિરણકુમાર પરમાર ૫. શ્રી/શ્રીમતી જયાબેન જયેશકુમાર પરમાર સરનામું (૧, ૨, ૩, ૪ અને ૫ માટે): વાઘજીભાઈ ફળિયું, તાલુકો પાદરા, જિલ્લો વડોદરા, ૭૦૩, નરસિંહપુરા ગામ, વડુ ડબકા રોડ, વડોદરા, ગુજરાત, ભારત - ૩૯૧૪૪૦. (૧ માટે પણ): M/s. સાબરી કેમિકલ્સ પ્રા. લિ., પ્લોટ નં. એ/૨૩૬, જીઆઈડીસી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નંદેસરી, વડોદરા - ૩૯૧૪૪૦. (૧ માટે પણ): M/s. રિફોઈલ અર્થ રિફાઈન પ્રા. લિ., ઓફિસ બોય, એકલબારા ક્રોસિંગ રોડ, તા. પાદરા, જિલ્લો વડોદરા. (૧, ૨, ૩, ૪ અને ૫ માટે પણ): નરસિંહપુરા, વાઘજીભાઈ વડુ ફળિયા પાસે, ૭૦૩, મુ. નરસિંહપુરા, તા- પાદરા - ૩૯૧૪૪૦. | Rs. 5,00,000/- | 20.02.2026 Rs. 4,86,018.919/- (અંકે ચાર લાખ છયાસી હજાર અઢાર રૂપિયા અને બાણું પૈસા પૂરા) ૧૬.૦૨.૨૦૨૬ મુજબ. | મિલકતના બધા ટુકડા અને પાર્સલ, મોજે નરસિંહપુરા, પાદરા સ્થિત બિન-ખેતીલાયક જમીનના પ્લોટ, મિલકત ઘર નં. ૭૦૩, માપ ૬૯.૭૦ ચો.મી. એટલે કે ૭૫૦ ચો.ફૂટ. સબ-ડિસ્ટ્રિક્ટ પાદરા અને જિલ્લો વડોદરા. સીમાઓ: પૂર્વમાં: પ્રતાપભાઈ ધુળાભાઈ પરમારનું ઘર, પશ્ચિમમાં: રોડ, ઉત્તરમાં: વાઘજીભાઈ સોમાભાઈનું ઘર, દક્ષિણમાં: રોડ. |

ઉધાર લેનાર(ઓ)ને આથી સલાહ આપવામાં આવે છે કે, તેઓ ડિમાન્ડ નોટિસ(ઓ)નું પાલન કરે અને આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર તેમાં અને અહીં ઉપર જણાવેલ માંગણીની રકમ, લાગુ પડતા વ્યાજ, વધારાના વ્યાજ, બાઉન્સ ચાર્જ, ખર્ચ અને ચુકવણીની વસૂલાતની તારીખ સુધીના ખર્ચ સાથે ચૂકવે. ઉધાર લેનાર(ઓ) નોંધ લઈ શકે છે કે આઈકેએફ હોમ ફાઈનાન્સ લિમિટેડ એક સુરક્ષિત લેણદાર છે અને ઉધાર લેનાર(ઓ) દ્વારા લેવામાં આવેલી લોન સુવિધા એ ઉધાર લેનાર(ઓ) દ્વારા ગીરો મૂકવામાં આવેલી સુરક્ષિત અસ્કયામત(ઓ) એટલે કે સ્થાવર મિલકત(ઓ) સામે સુરક્ષિત દેવું છે. જો ઉધાર લેનાર(ઓ) નિર્ધારિત સમયમાં તેમની જવાબદારીઓ સંપૂર્ણપણે પૂરી કરવામાં નિષ્ફળ જાય તો સુરક્ષિત લેણદાર અધિનિયમની કલમ 13(4) હેઠળ સુરક્ષિત અસ્કયામત(ઓ)નો કબજો લેવા માટેના તમામ અધિકારોનો ઉપયોગ કરવા માટે હકદાર રહેશે, જેમાં વેચાણ દ્વારા તેને ટ્રાન્સફર કરવા અથવા અધિનિયમ અને તેના નિયમો હેઠળ ઉપલબ્ધ અન્ય કોઈપણ ઉપાયનો ઉપયોગ કરીને ચુકવણી વસૂલવાનો સમાવેશ થાય છે, પરંતુ તે મર્યાદિત નથી. સુરક્ષિત લેણદાર વેચાણ અથવા ટ્રાન્સફરના અધિકારને અમલમાં મૂકતા પહેલા સુરક્ષિત અસ્કયામત(ઓ)ને ટાંચ અને/અથવા સીલ કરવા માટે પણ સત્તાધિકૃત છે. સુરક્ષિત અસ્કયામત(ઓ)ના વેચાણ પછી, જો ગીરો મૂકેલી મિલકતોનું મૂલ્ય સુરક્ષિત લેણદારને ચૂકવવાપાત્ર બાકી લેણાં પૂરા કરવા માટે અપૂરતું હોય તો સુરક્ષિત લેણદાર બાકી લેણાં વસૂલવા માટે અલગ કાનૂની કાર્યવાહી શરૂ કરવાનો અધિકાર પણ ધરાવે છે. આ ઉપાય સુરક્ષિત લેણદાર માટે કોઈપણ અન્ય કાયદા હેઠળ ઉપલબ્ધ તમામ અન્ય ઉપાયો ઉપરાંત અને સ્વતંત્ર છે.

ઉધાર લેનાર(ઓ)નું ધ્યાન અધિનિયમની કલમ 13(8) તરફ દોરવામાં આવે છે, જે સુરક્ષિત અસ્કયામતોને મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં છે અને વધુમાં અધિનિયમની કલમ 13(13) તરફ, જેના દ્વારા ઉધાર લેનાર(ઓ)ને સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના સુરક્ષિત અસ્કયામત(ઓ)નો નિકાલ કરવા અથવા તેનો વ્યવહાર કરવા અથવા વેચાણ, લીઝ અથવા અન્યથા (સામાન્ય વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) કોઈપણ સુરક્ષિત અસ્કયામત(ઓ)ને ટ્રાન્સફર કરવાથી રોકવામાં / પ્રતિબંધિત કરવામાં આવ્યા છે અને ઉપરોક્તનું પાલન ન કરવું એ ઉક્ત અધિનિયમની કલમ 29 હેઠળ શિક્ષાપાત્ર ગુનો છે. ડિમાન્ડ નોટિસની નકલ નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે અને ઉધાર લેનાર(ઓ) જો ઈચ્છે તો, સામાન્ય ઓફિસ સમય દરમિયાન કોઈપણ કામકાજના દિવસે નીચે સહી કરનાર પાસેથી તે મેળવી શકે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈકેએફ હોમ ફાઈનાન્સ લિમિટેડ વતી

સ્થળ: વડોદરા, ગુજરાત
તારીખ: 20.02.2026


# બે વર્ષથી GSBTની બેઠક જ ન મળી 33 બ્લડ બેંકની મંજૂરી અટવાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ગુજરાતમાં આરોગ્ય વિભાગની વહીવટી શિથિલતાને કારણે રાજ્યની બ્લડ ટ્રાન્સફ્યુઝન સેવાઓ પર ગંભીર અસર પડી રહી છે. બ્લડ બેંકોને નિયંત્રિત કરતી ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન (GSBT) ની ગવર્નિંગ બોડીની છેલ્લા બે વર્ષથી એકપણ મીટિંગ યોજાઈ નથી. આ વિલંબને કારણે રાજ્યમાં નવી બ્લડ બેંકો શરૂ કરવા અને જૂનીના રિન્યુઅલ માટેની કુલ 33 અરજીઓ હાલમાં પેન્ડિંગ પડી છે.

વિધાનસભામાં જામજોધપુરના ધારાસભ્ય હેમંતભાઈ આહીરના પ્રશ્નનો લેખિત જવાબ આપતા આરોગ્ય રાજ્યમંત્રીએ સ્વીકાર્યું હતું કે, 31 ડિસેમ્બર, 2025 સુધીના આંકડા મુજબ આ પ્રક્રિયા અટવાયેલી છે. સરકારે આ વિલંબ પાછળ માત્ર 'વહીવટી કારણો' જવાબદાર હોવાનું જણાવ્યું છે, પરંતુ કોઈ સ્પષ્ટ વિગતો આપી નથી.

GSBTની ગવર્નિંગ બોડીમાં આરોગ્ય વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી, કમિશનર અને મેડિકલ એક્સપર્ટ્સ જેવા ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે. બેઠકના અભાવે રક્તની અછત વર્તાવાની શક્યતા છે, જે અકસ્માત કે ઓપરેશનના સમયે દર્દીઓ માટે જોખમી સાબિત થઈ શકે છે. જો સરકાર સત્વરે આ મુદ્દે કાર્યવાહી નહીં કરે, તો રાજ્યની આરોગ્ય વ્યવસ્થાની વિશ્વસનીયતા પર મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થશે.

### આ નિર્ણયો અટકી પડ્યા

**નવી મંજૂરીઓ:** રીજનલ બ્લડ ટ્રાન્સફ્યુઝન સેન્ટર હેઠળ આવતી 33 નવી બ્લડ બેંકોને NOC મળી શકી નથી.

**રિન્યુઅલ પ્રક્રિયા:** કાર્યરત બ્લડ બેંકોના લાયસન્સ રિન્યુઅલ અને બ્લડ કમ્પોનન્ટ ફેસિલિટીની મંજૂરીઓ પણ અટકી છે.

**બ્લડ કેમ્પ:** આઉટડોર બ્લડ ડોનેશન કેમ્પ માટેની પરવાનગી મેળવવામાં પણ મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે.

વડોદરા જિલ્લાના 1020 પ્રાથમિક શિક્ષકોને હોળી પર્વની ભેટ

# નવી પેન્શન યોજનામાંથી જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરી GPF નંબર ફાળવવામાં આવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તક ફરજ બજાવતા ૧૦૨૦ જેટલા પ્રાથમિક શિક્ષકો માટે આજનો દિવસ હર્ષ અને ઉલ્લાસનો બની રહ્યો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા આ તમામ શિક્ષકોને નવી પેન્શન યોજના (એન.પી.એસ.) માંથી જૂની પેન્શન યોજના (ઓ.પી.એસ.) માં રૂપાંતરિત કરવાના મંજૂરી હુકમો એનાયત કરવામાં આવ્યા છે. આ સાથે જ વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી તમામ પાત્રતા ધરાવતા શિક્ષકોને જી.પી.એફ. નંબર પણ ફાળવી દેવામાં આવ્યા છે.



આ પ્રક્રિયાના અમલીકરણ અંગે વધુ વિગતો આપતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મહેશ પાંડેએ જણાવ્યું હતું કે, આગામી માર્ચ-૨૦૨૬ના પગાર બિલ જે એપ્રિલ-૨૦૨૬માં ચૂકવવામાં આવશે, ત્યારથી આ તમામ શિક્ષકોના પગારમાંથી એન.પી.એસ. હેઠળ થતી કપાત કાયમી ધોરણે બંધ કરવામાં આવશે. તેના બદલે હવે જી.પી.એફ. બચત કપાતની કામગીરી શરૂ કરવામાં આવશે. આ ફેરફાર અને અમલીકરણની સંપૂર્ણ જવાબદારી જે-તે તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓની રહેશે, તેવું પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

હોળી અને ધુળેટીના પર્વ પૂર્વે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આપવામાં આવેલા આ મંજૂરી હુકમોને શિક્ષકો દ્વારા 'હોળીની વિશેષ ભેટ' તરીકે આવકારવામાં આવી છે.